# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

સૌ પ્રથમ મુખ્ય સમાચાર

1) રાજ્યમાં 108 ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાએ અત્યાર સુધીમાં 15 લાખ 72 હજારથી વધુ લોકોનાં જીવ બચાવ્યા
2) રાજ્યની ત્રણ મહાનગરપાલિકાઓને મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત 255 કરોડ રૂપિયા મંજૂર
3) અમદાવાદ શહેરની હદમાં લક્ઝરી બસોનાં પ્રવેશ પરનો પ્રતિબંધ સર્વોચ્ચ અદાલતે યથાવત રાખ્યો
4) જયપુરમાં યોજાયેલી મિસ યુનિવર્સ ઇન્ડિયા 2024 સ્પર્ધામાં અમદાવાદની રિયા સિંઘા વિજેતા બન્યાં
5) રાજ્યમાં વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂઃ પંચમહાલ, દાહોદ, મહિસાગર, સુરત, ડાંગ, તાપી સહિતનાં જિલ્લાઓમાં આગામી પાંચ દિવસ વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# 108 EMERGENCY

રાજ્યમાં 108 ઇમરજન્સી એમ્બુલન્સ સેવાએ તેની સ્થાપનાથી ઑગસ્ટ મહિના સુધીમાં વિક્રમજનક એક કરોડ 66 લાખથી વધુ કૉલ મેળવીને આકસ્મિક સેવા પૂરી પાડી છે. અને 15 લાખ 52 હજારથી વધુ લોકોના જીવ બચાવ્યા છે. પ્રસુતિ સંબંધિત 55 લાખ 39 હજારથી વધુ અને માર્ગ અકસ્માતના 20 લાખ 32 હજારથી વધુ કિસ્સામાં 108 એ સફળતાપૂર્વક સેવાઓ આપી હોવાનું સત્તાવાર આંકડા જણાવે છે. 108 સેવાએ જેતે સ્થળ પર એમ્બુલન્સમાં અત્યાર સુધીમાં એક લાખ 49 હજારથી વધુ સફળ પ્રસુતિ પણ કરાવી છે. આ સેવા અંતર્ગત વર્ષ 2012થી કાર્યરત્ 414 જેટલી ખિલખિલાટ વાનનો અંદાજે 2 કરોડ થી વધુ નાગરિકે લાભ લીધો છે.

---------------------------------------------------------------------

- રીપીટ

# Urban Development Scheme

રાજ્યની ત્રણ મહાનગરપાલિકાને મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત 255 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ત્રણ મહાનગરપાલિકાનાં કામો માટે આ મંજૂરી આપી છે, જે અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકાને 12 કરોડ 84 લાખ રૂપિયા, રાજકોટ મહાનગરપાલિકાને 60 કરોડ 72 લાખ રૂપિયા, તથા સુરત મહાનગરપાલિકાને 181 કરોડ 50 લાખ રૂપિયાની રકમ મંજૂર કરાઇ છે.

ઉલ્લેખનીય છે કે આ યોજના હેઠળ નવા રોડ બનાવવા અને હયાત માર્ગોની સુધારણા સહિતના કામો માટે રાજ્ય સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી સહાય આપવામાં આવે છે..

આ યોજના હેઠળ છેલ્લા ચાર વર્ષમાં સુરત મહાનગરપાલિકાને 741 કરોડ રૂપિયા, રાજકોટ મહાનગરપાલિકાને 168 કરોડ 94 લાખ રૂપિયા તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાને 57 કરોડ 68 લાખ રૂપિયા મળીને કુલ 961 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

-----------------------------------------------------------------------

- માં ખા નીકીતા

-(NAVIN)

# JAMNAGAR MULU BERA

જામનગરમાં આવેલા પીરોટન ટાપુને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની યોજના છે.

જામનગર ખાતે તાલુકા પંચાયત ભવનના લોકાર્પણ દરમિયાન માહિતી વન - પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગના મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, આ દરિયાઈ વિસ્તાર હોવાથી અહીંયા કામ કરવા માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના આર્કિટેક્ચરની નિમણૂક થઈ ગઇ છે અને માસ્ટર પ્લાન પણ તૈયાર છે. શ્રી બેરાએ વધુમાં આ મુજબ જણાવ્યુઃ

## બાઈટ – મૂળૂ બેરા, વન - પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગના મંત્રી

---------------------------------------------------------------------

- પીટીસી - અપર્ણા ખૂંટ, વિધિ મોદી

-(NAVIN)

# Luxury bus entry

અમદાવાદ શહેરમાં સવારે 8 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી ખાનગી પરિવહનનાં ભારે વાહનો અને લક્ઝરી બસોનાં પ્રવેશ પર પ્રતિબંધને સર્વોચ્ચ અદાલતે યથાવત રાખ્યો છે. આ અંગે શહેર પોલિસનાં જાહેરનામાને બહાલ રાખતા ગુજરાત વડી અદાલતનાં ચુકાદાને પડકારતી લક્ઝરી બસ સંચાલકોની અપીલને ગઇ કાલે સર્વોચ્ચ અદાલતે ફગાવી દીધી હતી. સર્વોચ્ચ અદાલતે લક્ઝરી બસોનાં સંચાલકોને વૈકલ્પિક માર્ગ સહિતની કોઈ પણ રાહત આપવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો.

સર્વોચ્ચ અદાલતે લક્ઝરી બસો દ્વારા સર્જાતા અકસ્માત, શહેરનાં માર્ગો પર બસ પાર્કિંગથી રોકાતી જગ્યા અને તેને કારણે અન્ય વાહનોને નડતી સમસ્યા જેવાં પરિબળોને ધ્યાનમાં લઈને લક્ઝરી બસ સંચાલકોની અપીલ ફગાવી હતી.

---------------------------------------------------------------------

- ડેસ્ક, અનિલ પટેલ -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# SURAT TRAIN TRAGEDY

સુરતમાં કિમ-કોસંબા રેલવે ટ્રેક પરથી ટ્રેન ઉથલાવવાના ષડયંત્રની ઘટના અંગે ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરે જણાવ્યું કે, ‘બે દિવસ પહેલાં રેલવે ટ્રેક પર પેડલૉક કાઢી ટ્રેનને ઉથલાવવાનો પ્રયાસ થયો હતો. રાષ્ટ્રીય તપાસ સંસ્થા – NIA અને આતંકવાદ વિરોધી ટુકડી - ATS દ્વારા કરાયેલી તપાસમાં ફરિયાદી રેલવેકર્મી સુભાષ પોદ્દાર જ આરોપી નીકળ્યો છે.’

## બાઈટ - હિતેશ જોયસર, ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા

---------------------------------------------------------------------

- પીટીસી - સુરત

-(NAVIN)

# Miss Universe India

જયપુરમાં યોજાયેલી મિસ યુનિવર્સ ઇન્ડિયા 2024 સ્પર્ધામાં અમદાવાદની રિયા સિંઘા વિજેતા બની છે. અભિનેત્રી ઉર્વશી રૌતેલાએ રિયાને મિસ યુનિવર્સનો તાજ પહેરાવ્યો હતો. રિયા હવે મેક્સિકોમાં યોજાનાર મિસ યુનિવર્સ 2024માં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. રિયાએ 51 હરીફોને હરાવીને તાજ જીત્યો છે. 19 વર્ષીય રિયા પર્ફોર્મિંગ આર્ટ્સનો અભ્યાસ કરી રહી છે અને મોડેલ, ફેશન ડિઝાઇનર તથા અભિનેત્રી છે.

---------------------------------------------------------------------

- ડેસ્ક અનિલ -(NAVIN)

# RAIN

બંગાળની ખાડીમાં સર્જાયેલા હવાના દબાણને પગલે રાજ્યમાં ચોમાસાના વધુ એક રાઉન્ડનો પ્રારંભ થયો છે.

વાપી, વાંસદા, પલસાણા, મહુવા, ધરમપુર, ઉના, બારડોલી, ચીખલી સહિત 18 તાલુકાઓમાં છેલ્લા 24 કલાકમાં હળવોથી મધ્યમ વરસાદ પડયો છે. સૌથી વધુ સવા ચાર ઇંચ વરસાદ વલસાડના પારડી તાલુકામાં નોંધાયો છે.

અમારા મહીસાગર જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, જિલ્લાના લુણાવાડા શહેર અને આસપાસના વિસ્તારોમાં ગઈકાલે પવન અને વીજળીના ચમકારા વચ્ચે વરસાદી ઝાપટાં પડયા છે.

પંચમહાલના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ગોધરા પંથકમાં ગઇકાલે અડધા કલાકમાં પોણો ઇંચ જેટલો વરસાદ ખાબકયો હતો.

દરમિયાન હવામાન વિભાગે આગામી પાંચ દિવસ પંચમહાલ, દાહોદ, મહિસાગર, સુરત, ડાંગ, તાપી, નવસારી, છોટા ઉદેપુર, નર્મદા સહિતના જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે.

---

- પીટીસી મહીસાગર, પંચમહાલ, નિકીતા- -(NAVIN)

# MEDICAL CAMP

સેવા સપ્તાહ દિવસની ઉજવણીના ભાગરૂપે 60 વર્ષથી વધુ વયની મહિલા માટે અસારવા ગામમાં મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું..

અસારવા વિધાનસભાના ધારાસભ્ય દર્શના વાઘેલાની ઉપસ્થિતિમાં અને સેવા સપ્તાહ કાર્યક્રમના ઇન્ચાર્જ અને અસારવાના કોર્પોરેટર અનસુયા પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ મેડિકલ કેમ્પમાં મોટી સંખ્યામાં વરિષ્ઠ મહિલાઓએ ભાગ લઇને અસારવા અર્બન હેલ્થ સેન્ટર ખાતે મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું

-----------------------------------------------------------------------

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા -(NAVIN)

# POST DEPARTMENT DAK ADALAT

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અમદાવાદ શહેર વિભાગ ટપાલ કચેરીના વરિષ્ઠ અધિક્ષકે 30મી સપ્ટેમ્બરે બપોરે ત્રણ વાગ્યે ડાક અદાલતનું આયોજન કર્યું છે. જેમાં વરિષ્ઠ અધિક્ષક દરેક ફરિયાદને વ્યક્તિગતરૂપે સાંભળશે અને સમસ્યાનું સ્થળ પર જ સમાધાન કરાશે.

ફરિયાદીઓએ અમદાવાદની ટપાલ કચેરીની ટપાલ, મની ઓર્ડર, કાઉન્ટર સેવાઓ સંબંધિત ફરિયાદ નવરંગપુરા વિસ્તારમાં આવેલી મુખ્ય ટપાલ કચેરીએ 26 સપ્ટેમ્બર સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. આ પછીની તારીખની ફરિયાદો ડાક અદાલતમાં ધ્યાને લેવામાં નહીં આવે એમ અમદાવાદ શહેર વિભાગ ટપાલ કચેરીના વરિષ્ઠ અધિક્ષકે અખબારી યાદીમાં જણાવ્યું છે.

----------

POST OFFICE PRESSNOTE, PRAVESH ADIACHA, SONAL

# SVCHHTA HI SEVA

'સ્વચ્છતા હી સેવા-2024' અભિયાનનાં ભાગરૂપે પોરબંદર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અંતર્ગત દરરોજ માટે કામગીરી કરવામાં આવી રહી છે. પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા તાલુકાના ગામની શાળાઓમાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતાલક્ષી ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને રંગોળી સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધાઓમાં શાળા વિધાર્થીઓ સહભાગી થવાની સાથે તેમની કલાને પ્રદર્શિત કરી હતી.

--------------------------------------------------------------------

- હિં.સ. અનિલ

-(NAVIN)

# POST DEPARTMENT

ટપાલ વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્રમાં 426 ગામોને 'સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ ગ્રામ' તરીકે અને 16 ગામોને 'ફાઈવ સ્ટાર વિલેજ' તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ ક્ષેત્રમાં પાસપોર્ટ સેવા કેન્દ્ર દ્વારા આ નાણાકીય વર્ષમાં 31,000 કરતાં વધુ લોકોએ પાસપોર્ટ મેળવ્યા છે.

ગુજરાતના પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે ગઈકાલે રાજકોટમાં યોજાયેલી બેઠકમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારની ટપાલ સેવાની સમીક્ષા બેઠકમાં આમ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે  અદ્યતન ટેકનોલોજી અપનાવીને ટપાલ વિભાગ લોકોને ઘરે બેઠા સરકારની તમામ  કલ્યાણકારી યોજનાઓ સથે જોડી રહ્યો  છે.

આ પરિક્ષેત્રમાં હાલમાં કુલ 45 લાખથી વધુ બચત ખાતા, 3 લાખ 97 હજાર સુકન્યા સમૃદ્ધિ ખાતા અને 37,000 મહિલા સમ્માન બચત પ્રમાણપત્રો ખોલવામાં આવ્યા છે.

-----------------------------------

PRESSNOTE,  MITTAL, SONAL

# Bhavnagar plastic free

ભાવનગરના ડૉક્ટર તેજસ દોશીએ શહેરને પ્લાસ્ટિકમુક્ત કરવાની જવાબદારી ઉઠાવી છે. તેઓ છેલ્લા એક દાયકાથી સ્વચ્છતા હી સેવાના મંત્રને અનુસરીને આ માટે કામ કરી રહ્યા છે. તેમની કામગીરી જોઈને વર્ષ 2019માં તેમને ભાવનગર માટે ‘સ્વચ્છ ભારત મિશન – ભારત સરકાર’ના બ્રાન્ડ એમ્બેસેડર પણ બનાવાયા છે.

ડૉ. તેજસ દોશીએ અગાઉ રસ્તા પરથી પ્લાસ્ટિકની કોથળીઓ દૂર કરવા કોટન બેગ અભિયાન ચલાવ્યું હતું, જે અંતર્ગત 2 વર્ષમાં એક લાખ 50 હજાર કાપડની થેલીઓનું વિતરણ કરીને 75 લાખ પ્લાસ્ટિકની કોથળીઓ રિસાયકલિંગ પ્લાન્ટમાં જમા થઈ હતી.

-----------------------------------

INFO, PRAVESH ADIACHA, SONAL